# S.U.G. College of Education, Vasna, Ahmedabad

## Semester-1

## EPC-2

## Art in Education

## શિક્ષણમાં કલા

Dr. Darshana M. Patel

## ચિત્રકલાનો શિક્ષણમાં વિનિયોગ :
## ચિત્રકલા શિક્ષણ દ્વારા પ્રાપ્ત થતાં વિવિધ કૌશલ્યો :

- વિવિધ હસ્ત કૌશલ્યો
- અવલોકન શક્તિ
- કલ્પનાશક્તિ
- વૈચારિક ક્ષમતા
- સૌન્દર્યાત્મક ભાવનાનો વિકાસ
- સર્જનશક્તિ
- સ્મૃતિશક્તિ
- દૃષ્ટિકૌશલ્ય

# વર્ગખંડમાં ચિત્રકલા શિક્ષણ દરમિયાન ધ્યાનમાં રાખવાની બાબતો :

- જરૂરી સાધન સામગ્રી પહેલાંથી જ તૈયાર કરી  લેવી જોઈએ .
- આ પ્રવૃત્તિ દરમિયાન સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવું જોઈએ .
- વિધાર્થીઓ સમક્ષ ચિત્રનું પ્રદર્શન કરવું .
- શાળામાં ચિત્ર –કલાકારને આમંત્રણ આપવું .
- વિધાર્થીઓના સર્જનને રજૂ કરવાની તકો ઉભી કરવી .
- વિધાર્થીઓએ બનાવેલી કૃતિની પ્રસંશા કરી પ્રોત્સાહન આપવું .
- વર્ગખંડમાં યોગ્ય પ્રકાશ હોય તેનું ધ્યાન રાખવું .

# પોસ્ટર:

- કોઈ એક વિષય પર વિચારો રજૂ કરી ચિત્ર દોરવામાં આવે તેને પોસ્ટર કહેવાય.

પોસ્ટર એક શૈક્ષણિક સાધન છે ,જેના દ્વારા વિષયવસ્તુને  સ્પષ્ટ કરી શકાય

- પોસ્ટર માટે જરૂરી સાધનો :
- કાગળ
- પેન્સિલ,રંગીન પેન્સિલો
- સ્કેચપેન અને
- અન્ય સાધનો


વગેરેનો ઉપયોગ કરી ચિત્રો દોરી શકાય છે.

- ઉદા .
- વૃક્ષો બચાવો –વૃક્ષોના લાભો
- વિવિધ સૂત્રો
- વિશ્લેષણાત્મક માહિતી
- ભાષાના વિષયમાં-
- કવિ –લેખકનો પરિચય
- વ્યાકરણના મુદ્દા
- અપરિચિત અને પર્યાયવાચી શબ્દો
- સંદર્ભ પંક્તિઓ
- સંદર્ભ કાવ્યો

પોસ્ટર અને પોસ્ટર મેકિંગ એ દૃશ્યકલાનું વિશિષ્ટ        સ્વરૂપ છે.
અધ્યયન અને અધ્યાપન બંને કાર્યોમાં જીવંતતા અને વેગ લાવી શકે છે.

# પોસ્ટરની રચના કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો:

- અક્ષરોનું કદ પ્રમાણસર હોવું જોઈએ.
- ચિત્રનું કદ પ્રમાણસર હોવું જોઈએ.
- લખાણ સંક્ષિપ્ત અને સચોટ હોવું જોઈએ.



# રંગોળી

# WELCOME!



Thanks for joining us

# રંગોળી:

- રંગોળી એ ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ છે .
- રંગોળી એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે .
- જેનો અર્થ-રંગો દ્વારા ભાવનાઓને અભિવ્યક્ત કરવી .
- રંગોળીને રંગાવલી પણ કહેવામાં આવે છે .
- રંગાવલી એટલે રંગોની હારમાળા ,રંગોનું કાવ્ય
- ભારતીય સંસ્કૃતિમાં રંગોળીને પવિત્રતાનું પ્રતીક માનવામાં આવે છે.
- રંગોળી માનવચિતમાં અનેરો ઉત્સાહ પ્રેરે છે .
- રંગોળીને વિવિધ નામ વડે ઓળખવામાં આવે છે .
- ગુજરાતમાં –સાથિયા
- રાજસ્થાનમાં –માંડણા
- મહારાષ્ટ્રમાં – અલ્પના ,રંગાવલી
- તમિલનાડુ માં –કોલમ
- આન્ધ્રપ્રદેશ માં –મુગ્ગુલુ

# રંગોળીમાં ઉપયોગમાં લેવામાં આવતી વસ્તુઓ :

- રંગો
- અનાજ , કઠોળ અને વિવિધ મસાલા
- રેતી
- કાંકરા
- ફૂલ અને પાંદડા
- લાકડાનો વ્હેર
- વિવિધરંગી છીપલાં
- સૂકો મેવો

- રંગો



- અનાજ અને કઠોળ



- રેતી




- પથ્થર



- ફૂલ અને પાંદડા



- મોતી



- વિવિધ મસાલા



- સૂકો મેવો



# રંગોળીનાં વિવિધ અંગો :
# રંગોળીના મુખ્ય પાંચ અંગો છે .

01 આસન

02 સીમારેખા

03 પૃષ્ઠ ભૂમિ

04 આકારો અને પ્રતીકો

05 રંગપૂરણી અને લેખન

# (1) આસન:



- રંગોળી દોરવા માટેની ખાલી જગ્યાને આસન તરીકે ઓળખવામાં આવે છે.
- પહેલાના સમયમાં ગાયના છાણથી  લીંપણ કરીને રંગોળી બનાવવામાં આવતી .
- લીંપણ પરથી  'આલિમ્પન'  અને તે પરથી 'અલ્પના' શબ્દ બન્યો .
- આંગણા ઉપરાંત પાટલો, બાજઠ, પથ્થર, શિલાખંડ, પૂંઠું અને લાકડાની ખાસ બેઠક પર પણ રંગોળી બનાવી શકાય.

આમ ,

- રંગોળી માટેના આસન ભિન્ન ભિન્ન પ્રકારના હોય શકે.
- એ માટે કોઈ નિશ્ચિત  નિયમ નથી .
- પણ રંગોળી લાંબો સમય ટકી શકે એ પ્રમાણે વ્યવસ્થા હોવી જોઈએ .

# (2) સીમારેખા:



- રંગોળીમાં વિશિષ્ટ સીમારેખા હોય છે .
- રંગોળીની સીમારેખા રંગોળીને અલગ ઉઠાવ આપે છે.
- રંગોળીની સીમારેખાઓ ડાર્ક કલર્સ વાળી હોય તે રંગોળીને વધુ ઉઠાવ આપે છે.
- રંગોળીમાં આકારોને અલગ પાડવા માટે પણ બોર્ડર કરવામાં આવે છે.
- કેટલીક વાર આકારોને બોર્ડરને સ્થાને નિશ્ચિત શેડ આપવામાં આવે છે.
- રંગોળીમાં અક્ષરોને સુંદર બોર્ડર આપીને ધ્યાનાકર્ષિત કરી શકાય છે.
- બોર્ડરમાં વળાંક ,રેખા ,તૂટક રેખા, બિંદુઓ વગેરે લઇ શકાય .
- આવી રેખાઓ દોરવાની અનેક રીતો છે.

# (3) પૃષ્ઠભૂમિ:



- રંગોળીમાં આકારો સિવાયના  ભાગને રંગોળીની પૃષ્ઠભૂમિ કહે છે .
- રંગોળીમાં આકારો સિવાયના કેટલાક ભાગ રંગોળીની વિશેષતા છે .
- રંગોળીમાં (background)  કલર મહત્વનો ભાગ ભજવે છે .
- જે એક સમાન ,હળવો અને ડાઘા –ડૂઘી રહિત હોય તે આવકાર્ય છે .
- પૃષ્ઠ ભૂમિમાં હળવા રંગ નો ઉપયોગ કરવો જોઈએ .

# (4) રંગોળીમાં આકારો અને પ્રતીકો:



- રંગોળીના આકર્ષણનું કેન્દ્ર તેમાના આકારો છે .
- સુંદર અને પ્રમાણસરના આકારો દ્વારા રંગોળી નયનરમ્ય લાગે છે.
- દા .ત .દીપક ,સ્વસ્તિક ,મોર ,રાષ્ટ્ર ધ્વજ વગેરે
- વર્ગખંડ માં નિશ્ચિત થીમ આધારિત રંગોળી રચી શકાય
- દા .ત .પ્રાણી કોષની રંગોળી

# (5) રંગોળીમાં લેખન અને  રંગપૂરણી:




- રંગોળીમાં લેખન એ અત્યંત In ...... વિષય બની શકે તેમ છે .
- સામાન્ય રંગોળીઓમાં વિવિધ શબ્દો લખાતા હોય છે .

જેમકે ,

ભલે પધાર્યા

નમસ્કાર વગેરે...

- રંગોળીમાં લખાતા શબ્દો ડાર્ક કલર્સના હોય તે જરૂરી છે .
- લાઈટ કલર્સ જોવામાં તકલીફ પડે અને વાંચી શકાતા નથી .
- પહેલાં આંગળી અથવા ચોક વડે શબ્દો લખી તેના ઉપર રંગ પાથરવા વધુ સરળ છે .
- આ માટે છિદ્રિત કાગળનો પણ ઉપયોગ કરી શકાય છે .
- રંગોળીમાં લેખનની સાથે જ રંગપૂરણી એ મહત્વનું અંગ છે .
- રંગ આંગળીથી પૂરવામાં આવતા હોય છે .
- ગળણી, ચારણી, છિદ્રોવાળા કાગળ કે કાપડનો પણ ઉપયોગ કરી શકાય છે .
- આમ કરવાથી રંગ એકસરખા અને ઝડપથી પાથરી શકાય છે .

# રંગોળી અને શિક્ષણકાર્યમાં તેનો ઉપયોગ :

- શિક્ષણકાર્ય માં રંગોળી વિવિધ રીતે ઉપયોગી છે .
- વિષયને અનુરૂપ વિવિધ થીમ વિચારીને રંગોળી દોરવાની સૂચના આપી શકાય. જેમકે ,
- વિવિધ દિવસોની ઉજવણી
- પર્યાવરણનો બચાવ
- પ્રદૂષણનો ફેલાવો
- ભારતનો પ્રદેશ નકશો
- જુદા જુદા રાજ્યો
- જુદી જુદી ખેતપેદાશ
- જમીનના પ્રકારો
- ગણિત –વિજ્ઞાનમાં વિવિધ આકૃતિઓ
- આલેખ
- ભાષામાં વિવિધ પ્રસંગો

# રંગોળીનું મહત્વ :

- રંગોની ઓળખ
- રંગોની પસંદગી
- વિવિધ રંગ સંયોજનો
- સુરેખ આકૃતિઓ સર્જવાની ક્ષમતા
- સહજીવનની તાલીમ
- પરસ્પરની કદર
- યોગ્ય સમયમર્યાદામાં કામ કરવાની તાલીમ
- સ્વચ્છતાના ગુણ ખીલવી શકાય

# THANK YOU!

